## ભયંકર બફારામાં વીજપ્રવાહ બંધ : બાયડ, મોડાસા, હિંમતનગરમાં ધોળેદાડે અંધારપટ, પ્રજા, વહેપારી, દર્દી અકળાયાં

### વહેપારીઓ દુકાની બહાર આવી બેસી રહ્યા

બાયડ તા.૧૨

ભયંકર બફારાથી પ્રજા છેલ્લા ૪ દિવસથી ત્રાહિમામ છે ત્યારે વીજતંત્રએ અગાઉના નિર્ધારિત કાર્યક્રમ મુજબ શનિવાર સવારથી બાયડ, મોડાસા, હિંમતનગર ફિડરનું વીજપુરવઠો બંધ રહેતા ૧૬૦થી વધુ ગામોમાં ધોળેદાડે અંધારપટ અનુભવાયો. દિવસ દરમિયાન વીજપુરવઠો બંધ રહેતા પ્રજા, વહેપારી અને દર્દીઓ અકળાઈ ઉઠ્યા હતા. એકરીતે પ્રજા માટે શનિવારનો દિવસ ત્રાસદાયક દિવસ બની ગયો હતો.

ચોમાસા પૂર્વે વીજતંત્ર દ્વારા સમારકામની કામગીરી શરૂ કરવામાં આવી છે. વીજ ટ્રાન્સફોર્મર બદલવાથી માંડી હેવી લાઈનને નડતર રૂપ વૃક્ષો દૂર કરવા તંત્ર દોડતું થયું વરસાદ અને વાવાઝોડાની સ્થિતિમાં વીજપુરવઠો જળવાયેલો રહે તે માટે વીજતંત્ર દ્વારા મેઈન્ટેનન્સ અંગેની જાહેરાત કરી વીજપુરવઠો બંધ રાખવામાં આવી રહ્યો છે. તા.૧૨ના રોજ અગાઉની જાહેરાત મુજબ ઉત્તર ગુજરાત વીજ કંપનીની ટીમોએ બાયડ સહિતના વિસ્તારોમાં સમારકામ શરૂ કર્યું હતું.

જેમા સલામતી ખાતર વીજપુરવઠો બંધ કરવામાં આવતાં પ્રજા ઉકળાટ ભરેલા માહોલમાં ત્રાહિમામ પોકારી ગઈ હતી તે જ રીતે મોડાસા અને હિંમતનગરમાં તંત્રએ વીજપુરવઠો બંધ કરતાં દૂધ, આઈસ્ક્રીમ પાર્લર, ટાયર પંક્ચર સહિતના ધંધા-રોજગારોને અસર થઈ હતી. લેબોરેટરીમાં રિપોર્ટ લેવા માટે આવેલા દર્દીઓ પણ બંધ વીજ પુરવઠાના કારણે હાલાકીમાં મુકાયા હતા.



### જીવલેણ મ્યુકરમાઈકોસીસ

## અરવલ્લી જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખના પતિનું મોત, અત્યાર સુધીમાં ૪ ના મોત

### કોંગ્રેસના કાર્યકરોમાં શોક છવાયો

બાયડ(બ્યૂરો ઓફિસ) તા.૧૨

અરવલ્લી જીલ્લામાં કોરોના ઉપર અંકુશ આવ્યો પરંતુ મ્યુકરમાઈકોસીસનો રોગ જીવલેણ સાબિત થઈ રહ્યો છે. અરવલ્લી જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હંસાબેનના પતિ, નિવૃત્ત અધિકારી શાંમળભાઈ પરમારનું મ્યુકરમાઈકોસીસના કારણે મોત નીપજતાં કોંગ્રેસના કાર્યકરોમાં શોક છવાયો છે. મ્યુકરમાઈકોસીસના કારણે અત્યાર સુધીમાં ૪ ના મોત નિપજ્યા છે.

સાબરકાંઠા-અરવલ્લીમાં કોરોનાની ગતિ ધીમી પડતાં વહિવટ તંત્ર અને આરોગ્ય વિભાગે હાશ અનુભવી હતી પરંતુ ત્યાર બાદ મ્યુકરમાઈકોસીસના રોગચાળાનો બિહામણો ચહેરો બહાર આવતાં તંત્ર હરકતમાં આવ્યું છે. બંને જીલ્લામાં ૧૧૦થી વધુ દર્દી હોવાની આશંકા છે. કેટલાંક દર્દીઓ જીલ્લા બહાર સારવાર લઈ રહ્યા છે.

તાજેતરમાં જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખના પતિ શાંમળભાઈ પરમાર મ્યુકરમાઈકોસીસના ચેપમાં આવી જતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા પરંતુ રોગ તેમના માટે જીવલેણ સાબિત થયું અને મોત નીપજ્યું. કોંગ્રેસના અનેક કાર્યકરોના પથદર્શકની વિદાયથી કાર્યકરોમાં શોકનું મોજું ફરીવળ્યું હતું.

### પુંસરી ગામનું ગૌરવ

### સાબરકાંઠા જિલ્લા ભાજપ અનુસૂચિતજાતિ મોરચામાં બીજી વાર મહામંત્રી

તલોદ તા.૧૨

સાબરકાંઠા જિલ્લા ભાજપ સંગઠન દ્વારા જિલ્લા અનુસૂચિતજાતિ મોરચાના



હોદ્દેદારોની પસંદગી કરવામાં આવી છે. જેમાં તલોદ તાલુકાના પુંસરી ગામના ભાનુપ્રસાદ ગીરીશભાઈ જોષી જિલ્લા મોરચામાં બીજીવાર મહામંત્રી પદે નિયુક્ત થતાં સમગ્ર પંથકના ભાજપ કાર્યકરોમાં ખુશાલી છવાઈ છે.

## ઢીશુમ-ઢીશુમ : બાયડમાં મોડી રાત્રે ભાજપના બંડખોરને માર પડ્યો, સન્નાટો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

બાયડમાં ગત મોડી રાતે ભાજપના બંડખોરને માર પડતાં આ મામલો સમગ્ર જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. વાત જાણે એમ છે કે ભાજપના યુવા નેતાની જાસૂસી કરવા જતાં બંડખોરને તેની કિંમત ચુકવવી પડી છે. ઢીશુમ-ઢીશુમ શરૂ થયુ અને પળવારમાં જ સન્નાટો વ્યાપી ગયો. ભાજપના યુવા નેતાને ફીટ કરી દેવાની ધમકી આપી પરંતુ હિંમતવાન યુવા નેતાએ ચાલ તારે ક્યાં ફરીયાદ કરવી છે હું તારી સાથે આવું. તેવું કહેતાં બંડખોરના મોતીયા મરી ગયા હતા.

આવનારા દિવસોમાં બાયડ શહેર માટે ગાબટ ત્રણ રસ્તા

### ભાજપના યુવા નેતાની જાસૂસી કરવી ભારે પડી..!

પાણિપતનું મેદાન બની રહે તો નવાઈ પામશો નહી..! છેલ્લા કેટલાંક સમયથી ભાજપના બંડખોરો પોતાના તમામ દ્વાર બંધ થઈ જતાં હવે મગજ ઉપરનો કાબૂ ગુમાવી રહ્યા છે. તેનો કેવા પરિણામ આવશે તે સમય દેખાડશે પરંતુ અત્યારે તો અનેકના હાડકાં ખોખરાં થાય તેવા જંગનું મંડાણ થયું છે. ઋતુ બદલાય તેમ રાજકારણના રંગ બદલતા એક સમયના ભાજપના આગેવાન હવે બંડખોર બની ગયા છે. તેમને એમ લાગે છે કે ગાંધીનગર-દિલ્હીનું શાસન હું જ ચલાવું છું. પરંતુ ગતરાત્રે ભાજપના બંડખોરનો રાહુ એકાએક વક્રી બન્યો. કાર લઈને ઉભા રહેલા ભાજપના યુવા નેતાની જાસૂસી કરવાની સાથે ઠઠ્ઠા મશ્કરી કરતાં બંડખોરને તેનું સ્થાન દેખાડવા મન મૂકીને ધીબી નાખતાં કહેવાય છે કે દૂર-દૂર લોકોના ટોળાં એકત્ર થયા. બાયડ શહેરમાં ભાજપના યુવા કાર્યકરો હવે કોઈની ખોટી દાદાગીરી સહન કરવા તૈયાર નથી કે કોઈની ધમકીને પણ ખોટી રીતે વશ નહિ થાય તે ગતરોજના બનાવે દેખાડી દીધુ છે.

## અરવલ્લીમાં તસ્કરી આતંક : ભિલોડાના ભવાનપુરના બે મકાનમાંથી ૧.૯૫ લાખની ચોરી

### બાયડ, ભિલોડા, મોડાસા પોલીસ તસ્કરીના ભેદ ઉકેલવામાં સદંતર નિષ્ફળ

બાયડ/ભિલોડા તા.૧૨

અરવલ્લી જિલ્લામાં



કોરોનાથી પ્રજા પાયમલ થઈ છે અને હવે બાકી હતુ તસ્કરોએ દાટ વાળ્યો છે. એક રીતે અરવલ્લીમાં તસ્કરી આતંકની સ્થિતિ છે. ભિલોડાના ભવાનપુરમાં ત્રાટકેલા તસ્કરોએ કાકા અને ભત્રીજાના મકાનને નિશાન બનાવી ૧૪ ગ્રામ સોનાના દાગીના, ૧૮૫ તોલા ચાંદીના દાગીના, રોકડ મળી રૂા.૧,૯૫,૫૦૦ની મતા ચોરી ફરાર થઈ જતાં શહેરી અને ગ્રામ્ય વિસ્તાર અસલામત બન્યો છે. પોલિસ હજુ પણ ફીફા ખાંડી રહી છે હવે ભિલોડામાં તસ્કરોએ આતંક મચાવ્યો છે. ભિલોડાના ભવાનપુરના નાનજીભાઈ ધીરાભાઈ મારીવાડ અને તેમના



ભત્રીજા જગા માલાભાઈ મારીવાડ પરીવાર સાથે ઘરની બહાર સૂતાં હતા ત્યારે ત્રાટકેલા તસ્કરોએ તેમના મકાનમાં પ્રવેશી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત લાખોની મતા ઉસેડી જતાં ગ્રામ્ય પ્રજા ભયના ઓથાર હેઠળ આવી છે. જિલ્લા પોલિસ વડા સંજય ખરાત દ્વારા રાત્રી દરમિયાન સરપ્રાઈઝ ચેકીંગ થાય તો બાયડ, સાઠંબા, ભિલોડા અને મોડાસા પોલિસ સ્ટેશનમાં ચાલતાં નાઈટ પેટ્રોલીંગનો પરપોટો ફૂટી શકે છે.

બાયડ, સાઠંબા, ભિલોડા, મોડાસા પોલિસ તસ્કરીના ભેદ ઉકેલવામાં સદંતર નિષ્ફળ જતાં રોષની સ્થિતિ છે.

દોઢ દાયકા પછી ફરી એકવાર અરવલ્લી જિલ્લામાં સમાવિષ્ટ મોટાભાગના તાલુકાઓમાં તસ્કર ગેંગે નબળી કામગીરી કરતી પોલિસની ઉંઘ હરામ કરી છે. તસ્કરોનો આતંક ફરી વળ્યો પરંતુ પોલિસ લાચાર હોય તેવી સ્થિતિ છે. બાયડમાં રૂા.૪.૫૦ લાખની તસ્કરીમાં

### બાયડની સગીરાનું અપહરણ : અજાણ્યા ઈસમ સામે ગુન્હો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

બાયડની અયોધ્યાનગર સોસાયટી વિસ્તારમાં રહેતા એક પરિવારની સગીર યુવતીને લગ્ન કરવાની લાલચ આપી કોઈ અજાણ્યો ઈસમ અપહરણ કરી ભગાડી જતાં પોલિસ ફરીયાદ થઈ છે. બનાવ અંગે બાયડ પોલિસે અપહરણ તેમજ પોક્સોનો ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

કોરોના કાળમાં સગીર યુવતીઓના અપહરણના બનાવોએ પોલિસને દોડતી રાખી છે. બાયડના અયોધ્યા નગરમાં એક પરિવારની યુવતી સાથે અજાણ્યા ઈસમે વાતચીતના સંબંધો કેળવ્યા હતા જેમાં સગીરાને લગ્ન કરવાની લાલચ આપી તા.૧૧ના રોજ તેણીનું અપહરણ કરવામાં આવતા પરિવાર ચિંતિત છે.

## ઈલુ ઈલુ : મહિલા અધિકારીની તબિયત બગડી, પ્રેમીનો કોરોનાની આશંકા

### પરણિત મહિલા પ્રેમી સાથે લગ્ન કરવાની ફિરાકમાં..!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

છેલ્લા ૨ દિવસથી મહિલા અધિકારીના ઈલુ-ઈલુ પ્રકરણે ધમાચકડી મચાવી છે. મહિલા અધિકારી-પ્રેમીએ અંગત પળોનું વિડીયો કોલીંગ કર્યુ અને પનોતી શરૂ થઈ છે. મહિલા અધિકારીની તબિયત બગડતાં પ્રેમીની ઉંઘ હરામ થઈ અને કોરોનાની આશંકાથી અનિદ્રામાં આવી ગયો છે. પરણિત મહિલા અધિકારી પ્રેમી સાથે લગ્ન કરવાની ફિરાકમાં હોવાની ગરમા-ગરમ ચર્ચાએ વર્ષોથી વાંઢા રહેલા યુવાનોને મોં વકાસી દેવા મજબૂર કર્યા છે.

ઈશ્ક તો હોના હી થા... ફિલ્મની પટકથાની જેમ મહિલા અધિકારી અને જમાનાના ખાઈ બદેલા એક્ટર બનવાના અભરખા ધરાવતા યુવાનને એકબીજાની આંખો મળી અને શરૂ થયું પ્રેમ પ્રકરણ પરંતુ કોઈને બાટલામાં ઉતારવાના પૈસા ખંખેરવા જતાં તેરી ભી ચુપ, મેરી ભી ચુપ કહાનીની જેમ પ્રેમી-પંખીડાં વધુ નિકટ આવ્યા. મહિલા અધિકારી અને લબરમૂંછીયા યુવાનના પ્રેમ-આલીંગનથી સ્ટાફ સ્તબ્ધ બન્યો અને રજુઆત થઈ પરંતુ આ મામલે તપાસ કરવાને બદલે અરજી દબાવી દેવામાં આવી. પ્રેમમાં પાગલ બનેલા મહિલા અધિકારીને દોડવું હતું અને ઢાળ મળી ગયો અને હવે તો ફરજના સ્થળે એકબીજામાં સમાઈ જવા માટે જગા સાંકડી પડતાં દૂરના સ્થળે એકબીજાના બાહોપાશમાં જકડાઈ રહ્યા છે. મહિલા અધિકારીની સેવા કરતા કર્મચારીઓને પણ બખ્ખાં પડ્યા હોય તેમ ઐયાશી માટે તેમની અલગ સગવડ થઈ રહી છે. પ્રકૃતિની ગોદમાં આભલામાં પ્રેમીનું મુખડું જોતાં મહિલા અધિકારી માટે ખાનગી હોટલનું વાતાવરણ માફક આવ્યું ન હોય તેમ બીજા દિવસે તબિયત બગડતાં આ મામલો ફરીથી ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. કોરોનામાં અડધો-અડધ પાયમાલ થયેલો પ્રેમી મહિલા અધિકારી સાથે હવે લગ્ન કરવા જીદ લઈને બેઠો છે. જો અને તો ના ગઢબંધનમાં પરણિત મહિલા પ્રેમી સાથે લગ્ન કરવાની ફિરાકમાં હોવાનું આંતરિક સ્ટાફમાં ચર્ચાઈ રહ્યું છે.

### કેટલાંક મહિલા અધિકારીની બંધબેસતી સફાઈ, આ મારૂં નથી..!

જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી મહિલા અધિકારીનું ઈલુ-ઈલુ પ્રકરણ ચર્ચાના છોગાને છે ત્યારે કેટલાંક મહિલા અધિકારી બંધબેસતી સફાઈ પોતાના મિત્ર વર્તુળ અને સ્ટાફમાં આપી રહ્યા છે કે આ મારૂં નથી...! આવું સાંભળ્યા પછી સાથી કર્મીઓ અંદર-અંદર મલકાઈ રહ્યા છે. કારણકે પોતે કરેલું પાપ પોતાને ન દેખાય... પારકાને દેખાય..!

### કડીયાદરામાં નદીની સીમમાંથી યુવાનનો મૃતદેહ મળ્યો, રહસ્ય ગૂંચાયુ

ઈડર તા.૧૨

ઈડર તાલુકાના કડીયાદરા નદીના સીમાડામાંથી ૩૨ વર્ષના અજાણ્યા યુવાનનો મૃતદેહ મળતાં પોલિસ દોડતી થઈ છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ઈડર મોકલવામાં આવ્યો છે. હત્યા કે પછી કૃદરતી મોત ? તેનુ રહસ્ય ગૂંચાયું છે.

જીલ્લામાં અજાણ્યા મૃતદેહ મળવાનો સિલસિલો શરૂ થયો છે. મોટાભાગે અન્ય વિસ્તારમાં હત્યાને અંજામ આપી મૃતદેહ જીલ્લાની સરહદમાં ફેંકાતા હોવાના અનેક કિસ્સા પોલિસ તપાસમાં બહાર આવ્યા છે. ત્યારે કડીયાદારા નદીની સીમમાં કોઈ યુવાનનો મૃતદેહ પડ્યો છે તેવી સ્થાનિકોએ જાણકારી આપતા પોલિસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. પોલિસે મૃતકના વાલીવારસોની શોધ શરૂ કરી છે.

## આનંદો : બાયડ સ્વામિનારાયણ સોસાયટીના ૪૦ રહીશોનો બાયડ ફિડરમાં સમાવેશ

### બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષની રજુઆત રંગ લાવી, ટૂંકમાં વિવેકાનંદ સોસાયટીના પ્રશ્નનો પણ ઉકેલ

હિંમતનગર તા.૧૨

બાયડ સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૨ ના ૪૦ જેટલા રહિશોનો અરજણવાવ ફિડરમાં સમાવેશ થયો હોવાથી છેલ્લા ૬ વર્ષથી પરેશાન બની ગયા હતા. આ અંગેની રજુઆત બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ સમક્ષ થતાં તાબડતોબ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી અને પેનલ ફળવાયા પછી બાયડ ફિડરમાં સમાવેશ થતાં રહિશોમાં આનંદની લાગણી ફરી વળી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડના કેટલાંક વિસ્તારોમાં રહેણાંક વીજ કનેક્શન અરજણવાવ ફિડરમાં આપવામાં આવ્યા હતા જેના કારણે બાયડ ટાઉનમાં લાઈટ હોય પરંતુ સોસાયટીમાં રહેતા કેટલાંક રહીશોના મકાનોમાં અરજણવાવ ફિડર સાથે કનેક્શન હોવાથી વારંવાર અંધારપટ રહેતો હતો. છેલ્લા ૬ વર્ષથી સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૨ અને વિવેકાનંદ સોસાયટીના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. તાજેતરમાં યોજાયેલી બાયડ નગરપાલિકાની ચુંટણીમાં સોસાયટીના રહીશો દ્વારા વીજ સમસ્યા બાબતે ઉગ્ર રજુઆત થઈ હતી. આ વિસ્તારના પાલિકાના પ્રતિનિધિ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ પટેલએ ટૂંક સમયમાં જ પ્રશ્ન હલ કરવાની હૈયાધારણા આપી હતી તે મુજબ તા.૧૨ જુનના રોજ બાયડ જી.ઈ.બી.ના કાર્યપાલક ઈજનેર પી.એમ. તબિયાડ તથા સ્ટાફે જહેમત ઉઠાવી સ્વામિનારાયણ સોસાયટીના વિભાગ-૨ના રહેણાંક મકાનોનો બાયડ ફિડરમાં સમાવેશ કરી વર્ષો પુરાણી સમસ્યાનો ઉકેલ લાવતાં સ્થાનિક પ્રજામાં ખુશાલી જોવા મળી. કારોબારી અધ્યક્ષે વિજ વિભાગના અધિકારીઓનો આભાર માન્યો હતો. તેમજ આગામી ટૂંક સમયમાં વિવેકાનંદ સોસાયટીના પ્રશ્નનો ઉકેલ લાવવામાં આવશે અને આ માટે ડીપી શીફ્ટીંગ માટે વીજતંત્ર વિચારણાધિન હોવાનું જાણવા મળ્યું છે.

### કારોબારી અધ્યક્ષનો દિલથી આભાર : રહીશો

સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૨ ના કેટલાંક પરિવારો અરજણવાવ ફિડરના કારણે ત્રાહિમામ થઈ ગયા હતા. અસંખ્ય રજુઆતો છતાં પણ પ્રશ્નનો ઉકેલ આવતો ન હતો. બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલને રજુઆત પછી તુરંત વિજ વિભાગના અધિકારીઓ સાથે આ મુદ્દે ચર્ચા કરી હતી અને ગણતરીના દિવસોમાં અમારો પ્રશ્ન હલ થતાં અમો કારોબારી અધ્યક્ષનો ગુણવંતભાઈ જોષી, મુકેશભાઈ પ્રજાપતિ, સુરેશભાઈ પટેલ, વિષ્ણુભાઈ પટેલ સહિતના રહીશોએ આભાર માન્યો હતો.

## અનલૉક : જિલ્લામાં ૫ સ્થળે રથયાત્રા યોજાશે કે કેમ..! ભક્તોમાં ઉત્સુકતા

### મોડાસા, ઈડર, ધનસુરા, ખેડબ્રહ્મા, શામળાજીમાં ગતવર્ષે રથયાત્રા મુલત્વી રહી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

ગુજરાત મહદઅંશે અનલોક થયુ છે. રેસ્ટોરન્ટ, હોટલ, મંદિરો ખુલતાં બજારમાં તેની સીધી અસર જોવા મળી ત્યારે આગામી તા.૧૨ જુલાઈએ સાબરકાંઠા-અરવલ્લીમાં ૫ સ્થળે રથયાત્રા યોજાશે કે કેમ ? તે અંગે ભક્તોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. ગદગદિત બનેલા કેટલાંક ભક્તોએ ચુંટણી યોજાઈ શકતી હોય તો રથયાત્રાઓ કેમ નહિ ? તેવો સોસરવો સવાલ કર્યો છે.

કોરોનાએ ગુજરાતે ઘમરોળી નાંખ્યું છે. અનેક વિસ્તારોમાં સ્વૈચ્છિક અને આંશિક લોકડાઉનના કારણે અનેક ધંધા-રોજગારની કેડ ભાંગી ગઈ છે. અસંખ્ય વેપારીઓને બેઠા થવામાં ઘણો સમય લાગી શકે છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા હવે સમગ્ર ગુજરાતને લગભગ અનલોક કર્યું છે.

નાના-મોટા તમામ ધંધા-ઉદ્યોગ જીવંત બન્યા છે. હોટલ-રેસ્ટોરન્ટમાં પણ કેટલાંક નિયમોને આધીન શરૂ કરવાની છુટ મળ્યા પછી તેની સીધી અસર બજારમાં જોવા મળી. એટલે હવે આગામી જુલાઈ મહિનામાં રથયાત્રા યોજાય તેવું ભક્તો ઈચ્છી રહ્યા છે.

ગતવર્ષે કોરોનાના કારણે રથયાત્રાઓ મુલત્વી રહેતા ભક્તજનોમાં નિરાશા વ્યાપી હતી. જેથી ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્ર શહેરની પરીક્રમાઓ નીકળે અને ગુજરાત કોરોનાથી સંપૂર્ણ મુક્ત થઈ જાય તેવી શ્રદ્ધા સાથે ભક્તોમાં આ વર્ષે રથયાત્રાની નીકળશે તેવી અપેક્ષા છે. મોડાસા, ઈડર, ખેડબ્રહ્મા અને ધનસુરાના નગરજનો પણ રથયાત્રા યોજાય તે માટે પ્રયત્નશીલ છે.

### ખરીફ ખેતીના આરંભે મોંઘવારીનું ગ્રહણ

## સાબરકાંઠા-અરવલ્લીના ખેડુતો માટે ઓણસાલ ખેતી મોંઘી

### બિયારણ-જંતુનાશક દવાના ભાવમાં ૧૦ ટકાનો વધારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ચોમાસુ આંગણે આવીને ઉભું છે આકાશમાં વાદળો ગોરંભાતા ખેડુતોએ ખરીફ વાવેતરની તૈયારી શરૂ કરી છે પરંતુ ઓણસાલ ખરીફ ખેતીને મોંઘવારીનું ગ્રહણ લાગ્યું છે. બંને જિલ્લામાં બિયારણ તેમજ જંતુનાશક દવાના ભાવમાં ૧૦ ટકાનો વધારો થયો છે. અગાઉ ડિઝલના ભાવ વધ્યા પછી હવે બિયારણ-દવાઓ મોંઘી થતાં ખેડૂતો ખેતી પૂર્વે વ્યથિત બન્યા છે.

પરંપરાગત ખેતીના આધારે જીવન નિર્વાહ કરતાં ખેડૂતોની આર્થિક સ્થિતિમાં સુધારો લાવવા માટેના સરકારના પ્રયાસો પાસેરામાં પુણી બરાબર સાબિત થયા છે. પાક ઉપજના પોષણક્ષમ ભાવ આપવાની વાતો થાય છે પરંતુ ખેતીની દરેક સીઝનમાં ખેડુતોને ઘાટો પડતો હોય છે. જિલ્લામાં પ્રિ-મોનસુન એક્ટીવીટી સક્રિય થઈ છે. તાજેતરમાં બંને જિલ્લાના કેટલાંક વિસ્તારોમાં વરસાદે વહેલી પધરામણી કરી છે જેથી ખેતરોમાં ખરીફ વાવેતરના શ્રીગણેશ કરવા ખેડૂતો ઉતાવળા બન્યા છે પરંતુ ગતવર્ષની સરખામણીએ આ વર્ષે ખરીફ વાવેતર ખેડૂતો માટે મોંઘુ સાબિત થઈ શકે છે.

બિયારણ અને જંતુનાશક દવાના ભાવમાં વધારો થયો છે જેના કારણે ખરીફ સીઝન પૂર્ણ થયા પછી ખેડૂતો નફા-નુકસાનીનું સરવૈયું કાઢશે તો પાક ઉત્પાદનમાં નુકસાનની વધુ સંભાવના છે. અગાઉ ડિઝલના ભાવ વધારાના કારણે ખેડ મોંઘી થઈ છે ત્યાં સીઝનના આરંભે જરૂરી બિયારણ તેમજ દવાઓના ભાવ વધતાં ખેડૂતો પરેસાન બન્યા છે.

એકતરફ ખેડૂતોને સીઝનમાં પાક ઉપજના પૂરતાં ભાવ મળતાં નથી ત્યાં ખેતી સંલગ્ન ચીજવસ્તુઓમાં સતત ભાવ વધી રહ્યા છે. ટૂંકમાં ઓણસાલ વધતી જતી મોંઘવારીમાં ખેડ, ખાતર, બિયારણ અને દવાઓના ભાવ ક્રમશઃ ઉંચકાયા છે જેથી ખરીફ ખેતી કરવી ખેડૂતો માટે નુકસાન રૂપ સાબિત થઈ શકે છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧